# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, જામનગર

| લોક દરબાર તારીખ : ૨૩.૦૪.૨૦૧૬ શનિવાર | સ્થળ : તાલુકા સેવા સદન, મામલતદાર કચેરી, જોડીયા | સમય : ૧૫:૩૦ કલાકે | તાલુકો : જોડીયા |
|---|---|---|---|

તા.૨૩.૦૪.૨૦૧૬ ના રોજ જોડીયા મૂકામે સરકારશ્રી દ્વારા માનનિય મંત્રીશ્રી છત્રસિંહ મોરીની હાજરીમાં યોજાનારા "લોક સંવાદ સેતુ - લોક દરબાર" અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

| પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | શ્રી મનસુખભાઇ પ્રેમજીભાઇ બારૈયા, મુ.લીંબુડા, તા.જોડીયા | ગામની એલટી લાઇનમાં ખુલ્લા તાર બદલાવીને કેબલ નાખવા બાબત. | અરજદારશ્રીની રજુઆત અનુસંધાને તા.૧૯.૦૪.૨૦૧૬ ના રોજ સર્વે કરતા માલુમ પડેલ છે કે ગામની એલટી લાઇનમાં ગામના પાદર પાસે આવેલ લીમડાના ઝાડ પાસેની એલટી લાઇન તથા ગામની અંદર આવેલ લીમડાના ઝાડ પાસેથી પસાર થતી એલટી લાઇનના એમ કુલ ૬ ગાળા (૨૨૦ મીટર) માં ખુલ્લા તાર બદલાવીને કેબલ નાખવાની જરૂરત જણાયેલ છે. જે માટેની મંજુરી વિભાગિય કચેરીએથી મળી ગયેલ છે. સદર કામગીરી તા.૨૧.૦૪.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. આમ, પ્રશ્નનું સુખદ નિરાકરણ થયેલ છે. | નિકાલ |